Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત દ્વારા આયોજિત

## INVITED TALK ON STARTUP AND ENTREPRENEURSHIP

## તા.13.10.2024, રવિવાર, સવારે 11:00 કલાકે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી કિશોરસિંહ ચાવડા તેમજ કુલસચિવ શ્રી રમેશદાન ગઢવીની અધ્યક્ષતામાં "INVITED TALK ON STARTUP AND ENTREPRENEURSHIP" વિષય પર એક વેબિનારનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત બાયો-સાયન્સ વિભાગ દ્વારા તારીખ 13.10.2024 ના રોજ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિધાર્થીઓ સ્ટાર્ટઅપ શું છે. તેને લગતી બેઝિક માહિતી આપવાનો હતો.

આ પ્રોગ્રામના સ્પીકર તરીકે વીર નર્મદ યુનિવર્સિટીના SSIP કો ઓડિનેટર હાજર રહેલા હતા. ડૉ. પરેશ પારેખ દ્વારા વિધાર્થીઓને સ્ટાર્ટઅપ શું છે? તેની સમજૂતી વિવિધ ઉદાહરણ દ્વારા આપવામાં આવી હતી. સ્ટાર્ટઅપના ક્ષેત્રે આગળ આવવા SSIP શું ભૂમિકા ભજવે છે? અને SSIP ૨.૦ પોલોસી વિધાર્થીઓને કઈ રીતે મદદરૂપ થસે તેના વિશે માહિતી આપતા જણાવ્યું કે તમારી પાસે જો કોઈ નવીન વિચાર હોય તો તે વિચાર ને પ્રૂફ ઓફ કોન્સેપ્ટમાં ઉપાંતરીત કરવા 2.5 લાખ સુધીનું ફંડ SSIP ૨.૦ અંતર્ગત આપવામાં આવે છે. જે રકમ વિધાર્થીઓએ પાછી આપવાની રહેતી નથી. તેમજ વિદ્યાર્થીઓને IPR સુવિધાઓ જેમકે પેટન્ટ, કોપી રાઈટ્સ, ટ્રેડમાર્ક્સ, ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈન અને સેમિકન્ડક્ટર ડિઝાઈન ફાઈલ જેવી બૌદ્ધિક સંપતિને જાણવી રાખવા માટે IP રજીસ્ટ્રેશન કરવા માટે પણ અલગ-અલગ ફિલ્ડ પ્રમાણે 75,000/- સુધીની સહાય પૂરી પાડવામાં આવે છે. તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

પ્રોગ્રામને અંત તરફ લઈ જતાં બાયો-સાયન્સના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પ્રવિણ દૂધગરા દ્વારા આભારવિધિ વ્યક્ત કરી પ્રોગ્રામ સમાપ્ત કાર્યો.